## Tortoise

*Girish Shelat, New Jersey*



# કાચબો



**Editors' Note:** This article written in *Gujurati* describes the reasons why the Tortoise (called *Koorma* in Sanskrit) has been worshipped in the Shiva Temple. Shiva blessed the *Koorma* after witnessing the strength and humility of the *Koorma* in the competition among the entire animal kingdom.

Lord Shri Krishna mentions *Koorma* in the Bhagavad Geeta to teach the technique of the withdrawal of the mind and the five senses from the unreal entity called *Maayaa*. This withdrawal process has been described by Patanjali as *Pratyaahara*.

*Koorma* is also the second *Avatara* of the Lord Vishnu. The v*edantic* teachings have been clarified in the story of the *Koorma* Avatar. For example, ego is compared to the *Meru* mountain, the snake represents the discriminative intellect, the clockwise churning of the ego accepts the truth, and the counter-clockwise churning rejects falsehood. The whole story gives direction as to how to achieve liberation in this life.

કાચબો મહાદેવના મંદિરમાં પૂજાય છે. પોઠિયાની સામે તેનું સ્થાનક. ગીતામાં શ્રીકૃષ્ણ બુધ્ધિને કેમ સ્થિર કરવી તે કાચબાનો દાખલો આપી સમજાવે છે:

**"કાચબો જેમ અંગોને તેમ જે વિષયો થકી,**
**સકેલે ઈન્દ્રિયો પૂર્ણ તેની પ્રજ્ઞા થઈ સ્થિર."**

પતંજલી કાચબાની આ સ્વેચ્છાથી અંગોને સમેટી લેવાની રીતને "પ્રત્યાહાર" કહે છે. હઠયોગીઓ શરીરબળ વધારવા કૂર્માસન સૂચવે. જગ જાહેર ઈસપની કાચબા સસલાની વાત ગમ્મત અને જ્ઞાન આપે છે. યુગો પહેલાં શ્રીવિષ્ણુ ભગવાને કૂર્મ અવતાર લીધેલો. આમ કાચબો હિંદુ સંસ્કૃતિમાં પ્રાચીન છે.

હું મહાદેવને અભિષેક કરતો ત્યારે વિચાર આવતો કે કાચબાને પૂંજવાનું કેમ! આજે સમજી વિચારી લખવાની તક મળી છે.

ઈન્દ્રે મહાદેવને રાજી કરવા ભવ્ય સ્વાગત કર્યું. ગંધર્વોએ સંગીત સંભળાવ્યું અને અપ્સરાઓએ નૃત્ય કર્યું. પણ શિવજી રાજી થતા હોય તેમ ન લાગ્યું. ઈન્દ્રે નારદજીને ઉપાય પૂછ્યો. નારદજીએ સમજાવ્યુ કે પશુપતિનાથને પ્રાણીઓનું કૌશલ્ય બતાવતી સ્પર્ધા કરો. તે મુજબ વનરાજ સિંહ, હાથી, શિયાળ, કૂતરુ... વિગેરેએ જુદા પ્રકારે કળા બતાવી. છેલ્લે કાચબો શિવજીને પ્રણામ કરી મંચ પર આવ્યો. બધા પ્રાણીઓને લડવા પડકાર કર્યો. સિંહ પહેલો આવ્યો. જેવો સિંહે

પંજો માર્યો કે કાચબાએ મોં, ડોક, પગ, પૂછડી ગરદન નીચે સંકેલી છૂપાવી દીધા. તેની વજ્ર જેવી ગરદન પર સિંહે ઘણા પંજા માર્યા પણ નિરર્થક. પ્રાણીઓના રાજાએ હાર કબુલી. કાચબાના વિજયથી શિવજી પ્રસન્ન થયા. ઈન્દ્રે શિવજીની પ્રસન્નતા જોઈ સંતોષ, શાંતિ અનુભવી.

શિવજીએ કહ્યું કે કાચબો સ્પર્ધામાં પ્રથમ છે, કારણ કે જગદંબાએ વાત્સલ્યભાવથી તેની પીઠ ક્ષાબડી મજબુત કરી છે. તેની શકિત અને ભકિતથી હું પ્રસન્ન થયો છું. તે મારા મંદિરમાં પૂજાશે. શિવપુરાણની આ કથા પ્રમાણ રુપે છે.

સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો સમજાવતાં શ્રીકૃષ્ણ કહે છે કે જ્યારે રસ, ગંધ, રુપ, સ્પર્શ અને શબ્દરૂપી વિષયોના ઘા ઈન્દ્રિયો પર પડે છે ત્યારે અસાવધાન જીવની ઈન્દ્રિયો બેકાબુ બની જાય છે. આવી તોફાની ઈન્દ્રિયો, મન બુધ્ધિનું ધાર્યું કામ કરવા દેતી નથી. પરંતુ, જેમ સ્વેચ્છાથી કાચબો અંગોને ભય પહેલાં જ સંકેલી દે તેમ સ્થિતપ્રજ્ઞ ઈન્દ્રિયોને વિષયોમાંથી સંકેલી દે છે અને મન બુધ્ધિ વિષયોના ઘાથી સુરક્ષિત રહે છે. પરિણામે મન બુધ્ધિ કરવાનાં કામમાં પૂર્ણ સિધ્ધિ મેળવી શકે. આમ ગીતામાં પણ શ્રીકૃષ્ણે કાચબાનો ઉલ્લેખ કર્યો છે.

યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણ, ધ્યાન અને સમાધિ – અષ્ટાંગ યોગ કહેવાય છે. કાચબાની સ્વેચ્છાથી અંગો સમેટી લેવાની ક્રિયા "પ્રત્યાહાર" ની કળા જેવી છે. આ કળા વધુ શકિત સંચય કરી લાંબુ આયુષ્ય આપવા કારણરુપ હોઈ શકે. કાચબો ૧૨૫ વર્ષ સુધી જીવી શકે છે તેવી વૈજ્ઞાનિક માન્યતા છે. માનવ જીવ અનેક સુવિધાઓ અને ઈશ્વરનું શ્રેષ્ઠ સર્જન હોવા છતાં અપવાદ રુપે જ જીવી શકે છે! અષ્ટાંગ યોગ કરવો જોઈએ.

સંસ્કૃતમાં કાચબાને કૂર્મ કહે છે. હરિના મુખ્ય ૧૦ અવતારોમાં કૂર્મ અવતાર બીજો છે. આ અવતારનું વર્ણન, ગૂઢ, જ્ઞાન અને સમજણ ભાગવતમાં મળે. સચ્ચિદાનંદ એટલે સત, ચિત્ત અને આનંદ. સતનો અર્થ "હોવાપણું", હંમેશનું હોવાપણું (અમરત્વ) થાય. દેવ, દાનવો ગુણ અને વ્યવહારમાં જુદા પણ બન્ને ઈચ્છા રાખે કે મૃત્યુ ન આવે અને અમર થવાય. વિષ્ણુના સૂચનથી અને અમર થવાના ધ્યેયથી દેવ દાનવોએ દૂધિયા સમુદ્રનું મંથન કરી, અમૃત પી અમર થવા વિચાર્યું. મનધર પર્વતનું વલોણું કર્યું, જુદી જુદી વનસ્પતિ, વૃક્ષો, ખનિજ તત્વો મંથન માટે ભેગાં કર્યા, વાસકિ નાગનું દોરડ પર્વતની આજુબાજુ વીંટાળ્યું. દેવોએ નાગની પછડીનો છેડો અને દાનવોએ

મોઢાનો છેડો પકડ્યો. પર્વતને સમુદ્રમાં મૂકવાની શકિત દેવ દાનવોમાં ન હતી. વિષ્ણુના વાહન ગરુડે પર્વતને પીઠ પર લઈ સમુદ્રમાં મૂક્યો. પર્વત સમુદ્રમાં ગરકવા લાગ્યો! દેવ દાનવોની આજીજીથી મહાવિષ્ણુએ અતિ વિશાળ કાચબાનું સ્વરુપ – અવતાર લીધો. મનધર પર્વતને ગરકતો અટકાવવા કાચબાએ ગરદનનો ટેકો આપી સમુદ્રમાં તરતો રહ્યો !!! બધાંનો આધાર તે કૂર્મ અવતાર. કૂર્મ નહીં તો મંથન નહીં. મંથન વિના અમૃત ક્યાંથી? અમૃત વિના અમરત્વ કેમ મળે? આ અતિ વિશાળ કૂર્મનું વર્ણન આનંદ વિભોર થઈને કવિ કરે છે;

ક્ષિતિરતિવિપુલતરે તવ તિષ્ઠતિ પૃષ્ઠે,
ધરણિ ધરણકિણચક્ર ગરિષ્ઠે.
કેશવ ધૃતકચ્છપરુપ જય જગદીશ હરે !

હે કેશવ! પૃથ્વીને ધારણ કરવાના ચિન્હ રુપે પાષાણ જેવી કઠણ અને અત્યંત વિશાળ તમારી પીઠ પર પૃથ્વીને સ્થિર કરી છે, આવા કચ્છપરુપ – કૂર્મરુપ ધારી જગત્પતિ હરિની જય હો !

કૂર્મ અવતાર અને સમુદ્રમંથન સારાંશથી સમજીએ. દરેક જીવના મનમાં અહંકાર હોય તે મનધર પર્વત. તેને પ્રથમ ઈશ્વરનો – કૂર્મનો ટેકો આપવાનો. દૂધિયો શબ્દ સાત્વિક તત્વ બતાવે. સમુદ્ર એટલે મન, જેમાં અસંખ્ય મોજાંઓ – વિચારો – આવે અને જાય. વનસ્પતિની સામગ્રી એટલે ચામડી, જીભ, નાક, આંખ અને કાનને લોભાવતી વસ્તુઓ – વિષયો – બતાવે. ગરુડ વેદજ્ઞાન બતાવે, જેના વડે અહંકાર–પર્વત ખસેડાઈ ઈશ્વરનો ટેકો લે. વાસુકી નાગ વિવેક–બુધ્ધિ બતાવે જે અહંકારને વલોવી, સવળી ગતિથી સત્યને સ્વીકારે, અવળી ગતિથી અસત્યને નકારે. સમુદ્રમંથન એટલે જીવનમાં સદાકાળ ચાલતી પ્રવૃત્તિ.

સમુદ્રમંથનમા પ્રથમ હળાહળ ઝેર નીકળ્યું. જગતને બાળવા લાગ્યું. દેવ દાનવો મૂંઝાયા. તેમણે ઝેરથી બચવા મહાદેવને વિનંતી કરી. હરિના કામમાં હર ક્ષણનો પણ વિલંબ ન કરે ! શિવજી

ઝેર પી નીલકંઠ થયા. **ઈન્દ્ર, બ્રહ્માજીએ** પુષ્પવૃષ્ટિ કરી. પછી કામધેનુ, ઘોડો, હાથી, કૌસ્તુભ, પારિજાત, લક્ષ્મી અને છેવટે અમૃતનો કળશ નીકળ્યો. હરિ મોહિની રુપ લઈ અમૃત વહેંચવા લાગ્યા. દાનવો મોહિની રુપના વિષયમાં ઈન્દ્રિયો સંકેલી ન શક્યા. દેવોએ રુપના વિષય કરતાં અમૃતના વિષયોમાં ઈન્દ્રિયો જોડી અમૃત પીધું. દેવો અમર થયા અને દાનવોનો નાશ કર્યો. સત્યનો વિજય, અસત્યનો પરાજય થયો.

આમ દેવાલયનાં ચિન્હો, કર્મકાંડની રીતો, પુરાણો, ગીતા, ઉપનિષદ, વેદ એકબીજાનાં પૂરક તત્વો છે જે સમજવાથી સચ્ચિદાનંદ રુપ થવાય.

ટૂંકમાં, સરળ ભાષામાં મુમુક્ષોની સેવામાં લખ્યું છે. સૂચનો આવકાર્ય છે.

રજૂકર્તા – ગિરીશ જયશંકર શેલત.
ટે. નં. : (૨૦૧) ૨૬૧–૩૧૫૩

